## ડાયરેક્ટ ❤ સે

કોઈપણ પરિસ્થિતિમાં
આદર્શ, સિદ્ધાંત
અને ઉદ્દેશ્યને ટકાવી રાખો
સફળતા માટે
એ બહુ જરૂરી છે

## જન્મદિને વધામણી



ગીતાબેન અશ્વિન જટિયા



રમેશચંદ્ર વેણીશંકર ભટ્ટ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# જીઆઈપીએસ દ્વારા ૧૫મા સ્થાપના દિવસની ઉજવણી





ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજાનો '૧૫મો 'ફાઉન્ડેશન ડે' અને એન્યુઅલ ડે' બુધવારે ટાઉનહૉલ, ગાંધીનગર ખાતે ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

'મિલે સૂર મેરા-તુમ્હારા...' થીમ પર ચીફ ગેસ્ટ ઍડિશન ડૅપ્યુટી જનરલ ઑફ પોલીસ ડૉ. નિરજા ગોત્રુ રાવ (આઈપીઍસ)નું સ્વાગત કરી, જ્ઞાનદીપ પ્રગટાવી સાંસ્કૃતિક કાર્યક્રમને ઉમંગભેર તાળીઓના ગુંજન સાથે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. બાળકોએ ખૂબ જ સુંદર રજૂઆત કરીને શાળા પરિવાર તથા અતિથિઓનાં દિલ જીતી લીધાં હતાં. વિદ્યાર્થીઓએ ગુજરાત ઉપરાંત દેશનાં અન્ય રાજ્યોનાં પણ ગીતો, નૃત્યો પ્રસ્તુત કરીને કાર્યક્રમને અનોખો ભારતીય રંગ અર્પી દીધો હતો. આ પ્રસંગે એકેડેમિક વર્ષ ૨૦૧૭-૧૮ના તેજસ્વી તારલાઓનું ઈનામો આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આચાર્ય તરફથી ભાગ લેનારાં બાળકો, શિક્ષકો અને વાલીઓ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

# એસ. જી. સ્કૂલનાં શિક્ષકો અંગ્રેજી તાલીમના વર્કશોપમાં



રત્નસાગર પબ્લિસર્સ અને ઓકસફર્ડ પબ્લિશર્સ દ્વારા અમદાવાદમાં યોજાયેલ અંગ્રેજી વિષયની તાલીમમાં એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાનાં શિક્ષક શીનીબેન, રીમાબેન, ગીતાબેન, પ્રાચીબેને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ તાલીમમાં રસપ્રદ પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી, જે તેમને વર્ગખંડમાં મદદરૂપ થઈ શકે.

# એમ બી પટેલ અંગ્રેજી સ્કૂલ રાજ્ય કબડ્ડી સ્પર્ધામાં ઝળકી



ગાંધીનગર, તા. ૧૩

ભાવનગર ખાતો યોજાયેલી રાજ્યકક્ષાની અન્ડર-૧૯ કબડ્ડી સ્પર્ધામાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલે ભાગ લઈને તૃતિય ક્રમનું વિજેતાપદ મેળવ્યું હતું.

જિલ્લાકક્ષાએ પ્રથમ વિજેતા ક્રમ મેળવ્યા બાદ આ ટીમ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગઈ હતી, જ્યાં સૅમિફાઈનલમાં સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયાની ટીમને હાર આપી ટીમે આ વિજેતાપદ હાંસલ કર્યું હતું.

ટીમના ખેલાડી સતીષ ચૌધરી, જેમ્સ ચૌધરી, સાહિલ શેખ, કરણ સોની અને સુધાંશુ યાદવ રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા હતા.

આ વિજેતા ટીમ તથા રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામનારા ખેલાડીઓને આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન તથા કોચ નદીમ મેમણે બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

# એસ જી અને એસ વી પ્રાથમિક શાળાના શિક્ષકો ઑલમ્પિયાડ પરીક્ષામાં જોડાયા

ગાંધીનગર, તા. ૧૩

વિદ્યાર્થીઓને નવું નવું શીખવવા શિક્ષકોએ પણ શીખતા રહેવું જોઈએ એ હેતુને ધ્યાનમાં રાખીને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍસ જી અને ઍસવી સ્કૂલના સઘળા શિક્ષકો ઓલમ્પિયાડ (SENTA)ની પરીક્ષામાં જોડાયા હતા અને નવું શીખવા પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા અભિવ્યક્ત કરી હતી.

# ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ક્વિઝ કૉમ્પિટીશન યોજવામાં આવી



બાળકોનાં સામાન્ય જ્ઞાનમાં વધારો થાય અને સામાન્ય જ્ઞાનમાં બાળકોને રસ કેળવાયતે હેતુથી ઓમકાર ઈન્ટરનૅશનલ સ્કૂલમાં બુધવારે ક્વિઝ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૪થી ૬ના કુલ ૪૦ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ૧૦-૧૦ની ટીમમાં વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં જોડાયા હતા. વિજેતા ટીમને શાળા પરિવાર તરફથી પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

# મહાત્મા ગાંધી વિદ્યામંદિરમાં અંગ્રેજી વિષયની સઘન તાલીમ



ગાંધીનગર, તા. ૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી એમ હાઈસ્કૂલ, ગાંધીનગરના અંગ્રેજી શિક્ષક આર કે ચૌહાણ દ્વારા મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સૅક્ટર-૧૬, ગાંધીનગરના ધોરણ-૧૦ના ૧૦૦ વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વિષયના માર્ગદર્શન માટે અનો ધોરણ-૧૦નું અંગ્રેજી વિષયનું પરિણામ સારું આવે તથા આ વિષયમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ સફળતા પ્રાપ્ત કરે તે માટે સઘન તાલીમ આપવામાં આવી હતી.

તેમણે સતત ચાર તાસ લઈને પોતાની આગવી શૈલીમાં અંગ્રેજી વિષયને સાવ સરળતાથી વિદ્યાર્થીઓ સામે રજૂ કરી દીધો હતો અને તેના ગ્રામરની પણ ઊંડાણપૂર્વકની સમજ વિદ્યાર્થીઓને પૂરી પાડી હતી.

આ માર્ગદર્શન સેમિનાર માટે સંયોજક નટુભાઈ લાડાણી, પ્રિન્સિપાલ કોકિલાબેન અને શિક્ષક હસમુખભાઈ દ્વારા જહેમત ઊઠાવવામાં આવી હતી.

# જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં જોડાયા



ગાંધીનગર, તા. ૧૩

શ્રી જે બી પ્રાથમિક શાળાના ધોરણ-૭ અને ૮ના ૫૦ વિદ્યાર્થીઓએ તાજેતરમાં વનચેતના દ્વારા આયોજિત પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં ભાગ લીધો હતો. શિબિરના માર્ગદર્શક મયુરભાઈ દ્વારા વિદ્યાર્થીઓને પાંચ જૂથોમાં વહેંચી પ્રશ્નોત્તરી, ચિત્ર સ્પર્ધા અને જંગલ વિસ્તારમાં ટ્રેકિંગ કરાવવામાં આવ્યું હતું. રાત્રે કેમ્પ ફાયર સાથે વિવિધ પ્રવૃત્તિઓ અને થીમ બેઝ નાટકની ભજવણી પણકરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને સમગ્ર પ્રકૃતિ શિક્ષણ શિબિર દરમિયાન વિવિધ પ્રાકૃતિક મૂલ્યોની વિશેષ માહિતી સાથે આનંદસહ જ્ઞાન માણવા મળ્યું હતું. આ સફળ શિબિર સંપન્ન કરવા બદલ આચાર્ય નીવાબેન પટેલે સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# જે બી શાળાના શિક્ષક ચિત્રસ્પર્ધામાં ઝળક્યા



આસોય એક્સપ્લોરર્સ દ્વારા રાજ્ય સ્તરની પ્રાકૃતિક ચિત્ર સ્પર્ધાનું આયોજન ગત ઑગષ્ટ-સપ્ટેમ્બર માસ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના પ્રાયોજક તરીકે રિલાયન્સ કંપનીએ પોતાની સેવાઓ આપી હતી. આ સ્પર્ધામાં શ્રી જે બી પ્રાથમિક શાળાના કલા શિક્ષક જયકુમાર હિમાંશુ પંડિતે 'સી ફોર લાઈફ (કાચબા)' વિષયનું પેઈન્ટિંગ બનાવીને ૧ હજાર રૂપિયાનો રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યું હતું. સ્કૂલનાં આચાર્ય નીવાબેન પટેલે શાળા પરિવાર વતી શિક્ષકને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૫૪મો મણકો ॥

એવી કારોબારીની મિટીંગ કે એટલામાં એ વાત લીક થઈ ગઈ. બહાર જ્યારે નીકળ્યા ત્યારે ખબરપત્રીઓ પૂછે છે જિન્હા સાબેહને કે આ તમે પિસ્તોલની શું વાત કરી ? એનો શું અર્થ થાય ? પત્રકારોની આગળ હું નીતિની ચર્ચા કરવા માંગતો નથી.

પણ એમ પત્ર છોડી દે તો પત્રકાર શાના ? એટલે એ લોકો તરત જ મુસ્લિમ લીગના જનરલ સેક્રેટરી પાસે ગયા, લીયાકત અલી ખાન. પિસ્તોલ વિશે પૂછશું તો જવાબ ટાળશે, ઠરાવમાં હતું કે આપણે ડાયરેક્ટ એક્શન કરવું પડશે. આ સમજવા જેવું છે, આ ટ્રાફિકની ભાષામાં યુ ટર્ન હતો. એક દિશામાં જનારો પ્રવાહ અવળી દિશામાં જઈ રહ્યો હતો.



ગાંધીજી ૧૯૧૫માં હિન્દુસ્તાનમાં આવ્યા ત્યારે તેમનો જિન્હાની સાથે સૌથી પહેલો મતભેદ હતો તે આ મુદ્દા પર હતો. મતભેદ એ હતો કે જિન્હા એ કહેતા હતા કે તમે સવિનય કાનૂન ભંગની વાત કરો છો, હું કાનૂનમાં માનનારો છું. કાનૂનના રસ્તાઓ છોડાય નહીં. ગાંધીજી કહેતા કે કાયદાને માન તો આપીએ જ, જેલ જવા પણ તૈયાર છીએ. પણ જે કાયદા અન્યાયી હોય તેને માટે જ વિરોધ કરવાનો. એટલે સત્યાગ્રહને એન્ટી કોન્સ્ટીટ્યુશનલ નહીં પણ એક્સ્ટ્રા કોન્સ્ટીટ્યુશનલ ગણતા. પણ એ વખતે જે મતભેદ થયેલો તે અહીં સુધી પહોંચ્યો હતો.

જિન્હાના પ્રમુખપદ હેઠળ ઠરાવ થાય છે, આપણે ડાયરેક્ટ એક્શન કરીશું. લિયાકત અલી ખાન, તાર્કિક શાસ્ત્રીય જવાબ આપ્યો. એવરીથિંગ એક્સ્ટ્રા કોન્સ્ટીટ્યુશનલ. કાયદાની પરિસીમામાં આવે નહીં, તેવું બધું જ કરી શકાય.

૧૫૦ ગાંધીયાત્રા

પત્રકાર હજુ વધારે ચીવટવાળા નીકળ્યા. એટલે બંગાળની મુસ્લિમ લીગના પ્રતિનિધિ તરીકે આવ્યા હતા, નાઝીમુદ્દીનને પૂછ્યું, ડાયરેક્ટ એક્શનનો વિચાર શું છે ? હસી પડ્યા, અમે સમજીએ છીએ. સદ્ભાગ્યે અમારે માટે અહિંસાની બાધા નથી.

આ લોકો આગળ જાય છે, વાયવ્ય સરહદના માણસને જઈને પૂછે છે અબુલ અલ નિસ્તાર. તમને શું લાગે છે. ખૂન કી નદીયાં બહાની હોગી. એણે ચોખ્ખો ચોખ્ખું કહી દીધું. હવે ડાયરેક્ટ એક્શન એટલે શુ ? એવરીથીંગ એકસ્ટ્રા કોન્સ્ટીટ્યુશન, ખૂન કી નદીયાં બહાની હોગી.

અને એના માટે કલકત્તાની પસંદગી કરવામાં આવી. કારણ હતું, બંગાળમાં મુસ્લિમ લીગની મિનીસ્ટ્રી હતી. અને બંગાળના બ્રિટીશ માલિકીનાં છાપાંવાળાઓએ પ્રશ્ન કર્યો છે આ હૂલ્લડો થયા છે તે અચાનક થઈ ગયા તો બધા મારનારાઓ પાસે એક જ માપની લાકડી હતી તે કેવી રીતે બન્યું ? એક જ સરખાં શસ્ત્રો કેવી રીતે આવ્યાં ? આ સ્ટેટ્સમેન જેવાં છાપાઓ પૂછે છે, જે બ્રિટીશ માલિકીનાં છાપાં હતા. અને એનો રિપોર્ટ જે અપાય છે તે આપે છે બંગાળના ગવર્નર બરોઝ, અંગ્રેજ હતા. એ ચારપાંચ દિવસની અંદર ત્રણવાર રિપોર્ટ લખે છે, વાઈસરોયને લખે છે અને એની એક નકલ ભારતીય વઝીરને મોકલે છે, લંડન, સેક્રેટરી ઓફ સ્ટેટ.

અને એ ત્રણ રિપોર્ટની અંદર તેમણે જે અહેવાલ લખ્યો છે એ મને લાગે છે કે સત્યની ઘણી નજીકનો હતો. ફલાણી જગ્યાએ આગ લાગી ને ફલાણી જગ્યાએ તોડફોડ થઈ એવાં વર્ણનો તો એમાં હતાં જ. ચોક્કસ વર્ણનો હતાં, માહિતીથી સભર. પણ એક વાત ત્રણેય રિપોર્ટમાં આવે છે. આપણી સંપત્તિને કંઈ નુકસાન થયું નથી. ન અંગ્રેજ સરકારની સામે વિરોધ કર્યો, ન કોંગ્રેસ સરકારની સામે વિરોધ કર્યો, વિરોધ તો કર્યો કલકત્તાના હિન્દુઓની સામે. પણ ગણતરીમાં ભૂલ એ હતી કે મુસ્લિમ લીગની જ્યાં ગણતરી હતી એ રાજધાની હતી, પણ શહેરમાં બહુમતિ બિનમુસ્લિમોની હતી. અને કુલ મરનારાઓમાં હિન્દુ કરતાં દોઢગણા મુસ્લિમો મર્યા. મારીમરીને ગંગામાં ફેંકી દીધા. આ ગણતરીની ભૂલ હતી અને એ થયું એમાંથી એક પોકાર નીકળ્યો. અને એમાંથી એક સૂર નીકળ્યો, કલકત્તા કા બદલા લેના હોગા. (કલકત્તાર પ્રતિશોધ ચાઈ). આ બદલાની લ્હાય વધતી વધતી આખાય ઉત્તર ભારતમાં ફરી વળી. અને એ જ લ્હાયની એક ચિંગારીને કારણે મોત પણ ફૂલમાળા લઈને ગાંધીજીની સામે આવી. એ પ્રસંગ આપણે કાલે જોઈશું, પણ આજે તો એક વાત સમજી લઈએ કે ગાંધીનો ભોગ લીધો હોય તો તે આપણા દેશની કટ્ટરતાએ લીધો છે. અને કટ્ટરતા કોઈ એક ધર્મની બાપુકી વસ્તુ નથી. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ